# ચિલોડા સ્થિત શક્તિ કોમ્પ્લેક્ષ રહેણાંક વિસ્તારને સેનેટાઈઝેશન કરાયું

## કોરોના વાયરસ સંક્રમણ અટકાવવા સતર્કતા



ચિલોડા, તા. ૧૧

ગાંધીનગર તાલુકાના પૂર્વ ગ્રામ્ય વિસ્તારમાં કોરોના વાયરસ - કોવિડ-૧૯નું સંક્રમણ ધીમી ગતિએ પગપેસારો થતાં ચિંતાજનક બાબત બની છે. જયારે ઉજી જૂથ બાદ ચિલોડા ચાર રસ્તા તરીકે જાણીતો વાણિજ્ય પ્રવૃત્તિથી ધમધમતો - આકર્ષણનું કેન્દ્રમાં તેમજ આસપાસ રહેણાંક વિસ્તારમાં રાવળ વાસ, પીપળાવાળો વાસ, તિરુપતિ સોસાયટી, ખારાવાળો વાસ તથા હવે અમદાવાદ જતા હાઈવે માર્ગ નજીક આવેલો શક્તિ કોમ્પલેક્ષ તરીકે જાણીતો રહેણાંક વિસ્તારમાં એક સામટા કોરોના વાઈરસ સંક્રમણના ચાર કેસ આવતાં સ્થાનિક અને આરોગ્યતંત્ર માટે માથાના દુઃખાવા સમા કેસો આવતાં વહીવટી તંત્ર સતર્કતા દાખવી ચિલોડા ગ્રામ પંચાયત દ્વારા સમગ્ર ગામમાં અગમચેતી રુપે કોરોના વાયરસ સંક્રમણ અટકાવવાના પગલે સતત સેનેટાઈઝેશન પ્રક્રિયા, આયુર્વેદિક ઉકાળો, હોમિયોપેથી દવાનું વિતરણ, માસ્કનું વિતરણ, હેલ્થ સ્કિનિંગ કાર્ડનું વિતરણ વગેરે કામગીરી કરી હતી.

ત્યારબાદ શક્તિ કોમ્પલેક્ષ રહેણાંક વિસ્તારમાં આવેલા ૧૮ મકાનોમાં ટ્રેકટર દ્વારા સેનેટાઈઝેશન દ્વારા દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો. જેમાં બોર ઓપરેટર અર્જુન ઠાકોરને પીપીઈ કીટ પહેરી દવાનો છંટકાવ કરી પ્રશંસનીય કામગીરી કરી હતી. આમ આ વિસ્તારમાં ૧૮ મકાનો અને ૭૮ વ્યક્તિઓને આરોગ્યતંત્ર દ્વારા કોરોન્ટાઈન પ્રક્રિયા હાથ ધરી છે. આ ઉપરાંત જિલ્લા વિભાગના અધિકારીઓની મુલાકાત દ્વારા વર્તમાન પરિસ્થિતિ અંગે વિચાર વિમર્શ કરી જરૂરી સૂચનો કર્યા હતા.



**સોમનાથ મહાદેવના દર્શનાર્થે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી**

સોમનાથ મહાદેવના દર્શનાર્થે ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પરિવાર સાથે આવી પહોચેલ, સોમનાથ મહાદેવના દર્શન મહાપૂજા-ધ્વજા પૂજા કરવામાં આવી હતી. જેમાં ધર્મપત્ની અંજલીબેન રૂપાણી તેમજ પુત્ર ઋષભ પણ સામેલ થયા હતા. પૂજા બાદ સ્મૃતી ભેટ આપી ટ્રસ્ટના જનરલ મેનેજરે તેઓનુ સન્માન કર્યું હતું. તેઓએ સોમનાથ મહાદેવ તેમજ પરિસરમાં આવેલ હનુમાનજી, ગણપતીજી, વિર હમીરજી ગોહીલના દર્શન કરી ધન્ય બન્યા હતા.

# ઓછી વસ્તી અને મર્યાદિત કામગીરી સાથેની ગાંધીનગર મનપામાં કાઉન્સિલરની સંખ્યા મર્યાદિત રાખવા અપીલ

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત સરકારે ગાંધીનગર મહાનગરપાલિકાની હદ વધારવાનો નિર્ણય કર્યો છે પરિણામે તેના વોર્ડ ની સંખ્યામાં તેમજ તેના કાઉન્સિલરોની સંખ્યામાં વધારો થયો છ. અન્ય મહાનગરપાલિકાઓની માફક ગાંધીનગર મહાનગરપાલિકામાં પણ વોર્ડદીઠ ચાર કાઉન્સિલરો નક્કી કરવામાં આવ્યા છે. આ બાબત પુનર્વિચારણા કરવા ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે ગુજરાત સરકારને અપીલ કરી છે ગાંધીનગરની વસ્તી તેમજ ગાંધીનગર મહાનગરપાલિકાને સરકારે ફાળવેલી મર્યાદિત કામગીરી જોતાં ગાંધીનગર મહાનગરપાલિકામાં વોર્ડદીઠ ચારને બદલે એક જ કાઉન્સિલરની જરૂરિયાત છે તેમ જાગૃત નાગરિક પરિષદ માને છે. આમ થતા,ગાંધીનગર મહાનગર પાલિકાની વહીવટી કામગીરીમાં સુધારો થશે તેમજ તેનો આર્થિક બોજો ઓછો થતાં લોકો પરનો ટેક્ષ ઘટાડી શકાશે.

એ સર્વ વિદિત છે કે વસ્તીને ધોરણે નહીં પરંતુ રાજયનું પાટનગર હોવાને કારણે ગાંધીનગરને મહાનગરપાલિકા આપવામાં આવી હતી. અન્ય મહાનગરપાલિકા કરતા ગાંધીનગર મહાનગરપાલિકામાં વોર્ડદીઠ વસ્તી ઘણી ઓછી છે, તેથી પ્રત્યેક વોર્ડમાં એક કાઉન્સિલરની સેવાઓ પૂરતી થઈ રહેશે. નિયમાનુસાર ૫૦% મહિલા બેઠકો આ ઉપરાંતની રહેશે.

રાજયની અન્ય મહાનગરપાલિકાઓ જે કામગીરી કરે છે તે મુજબની કામગીરી રાજ્ય સરકારે ગાંધીનગર મહાનગરપાલિકાને સુપ્રત કરી નથી. ગાંધીનગર મહાનગરપાલિકાને ખૂબ મર્યાદિત કામગીરી સોંપવામાં આવી છે. જમીન વિષયક તેમજ પાણી અને ગટર જેવી મહત્વની કામગીરી સોપવામાં આવી નથી. આથી મર્યાદિત કામગીરી સાથેની ગાંધીનગર મહાનગરપાલિકામાં કાઉન્સિલરોની સંખ્યા વોર્ડદીઠ ચારને બદલે એક જ રાખવી વધારે યોગ્ય હોવાનો ગાંધીનગરનો વ્યાપક જનમત છે.

જ્યોતીન્દ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને મળેલી ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદના કારોબારી સભ્યોની વર્યુઅલ બેઠકમાં સર્વ શ્રી એચ. બી. વરિયા, ભાનુપ્રસાદ પુરાણી, વાગ્મિનભાઈ બૂચ ,પ્રોફેસર રવીન્દ્રભાઈ દવે, એસ ડી આર મલિક, મનિષભાઈ દવે,સુમંતભાઈ શાહ નિરંજનભાઈ ઓઝા, રાજેન્દ્રભાઈ પારેખ વગેરેએ ભાગ લીધો હતો.



વન અને પર્યાવરણની જાળવણી માટે તા. ૯ જુલાઈ ૨૦૨૦ ના મહિલા આઈ.ટી.આઈ. ગાંધીનગર ખાતે આઈટીઆઈ કેમ્પસમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરીના અધિક નિયામક કે. વી. ભાલોડીયા, ગુજરાત સ્કીલ ડેવલપમેંટ મીશનના ડાયરેકટર અને મદદનીશ નિયામક ડી.પી.મકવાણા, નાયબ નિયામક આશાબેન પટેલ, ટેકનિકલ ઓફિસર ટી.એન. ભાવસાર, સંસ્થાના આચાર્ય એચ. એલ. ચૌધરી તેમજ અન્ય સ્ટાફ દ્વારા અંદાજે ૨૦૦ જેટલા વિવિધ પ્રકારના વૃક્ષો/ફૂલ-છોડનું વાવેતર કર્યુ હતું. તેમજ આ વૃક્ષોનું જતન કરવાનો નિર્ધાર કરવામાં આવ્યો. આમ આજના સમયમાં વૃક્ષોનું મહત્વ સમજાય તેમજ પર્યાવરણ અંગે જાગૃતિ વધે તે હેતુથી સંસ્થાની હરિયાળી તેમજ પર્યાવરણની રક્ષા કરવા મહિલા આઈટીઆઈ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો.

# મને સમાજસેવામાં રસ છે તો એના માટે એમ.એસ.ડબલ્યુ કોર્સ વિષે મહિતી આપશો




નમસ્કાર. ''કરિયર કોર્નર'' કૉલમ ને વાચકમિત્રો તરફ થી ખૂબ જ સારો પ્રતિસાદ પ્રાપ્ત થઈ રહ્યો છે. વિદ્યાર્થીઓ, વાલીઓ અને દરેક વાચકમિત્રો ને કરિયર વિષે અને કરિયર ને લગતા વિવિધ વિકલ્પોની માહિતી આપવી એજ અમારો મુખ્ય ઉદ્દેશ્ય છે.આપના કરિયરને લગતી કોઈ પણ મૂંઝવણ હોય એને દૂર કરવાનો અમે સતત પ્રયાસ કરીએ છીએ.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો: facebook.com/HardikParikhOfficial પર.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

**૧. મે આ વર્ષે જ ૧૨ આટર્સ પાસ કરેલ છે. માસ કમ્યુનિકેશનના કોર્સ વિષે માહિતી આપશો. શું આ કોર્સ કરવો યોગ્ય છે?**

**- સર્વરા ચૌહાણ, ગાંધીનગર**

સર્વરા, આપ ચોક્કસ આ કોર્સ કરી શકો છો, જો આપને આ કોર્સમાં રસ હોય તો! આ કોર્સ આપ ધોરણ ૧૨ પછી કરી શકો છો. આ કોર્સમાં મુખ્યત્વે આપને બી.એ. (માસ કમ્યુનિકેશન) અથવા બી.એમ.સી. એટ્લે કે બેચલર ઓફ માસ કમ્યુનિકેશનની ડિગ્રી મળતી હોય છે. આના સિવાય બેચલર ઓફ જર્નાલિઝમ અને વિષય પ્રમાણે સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સ પણ હોય છે જેમાં એક્ટીંગ, ફિલ્મ ડિરેકશન, સિનેમેટોગ્રાફી, ઓડિયોગ્રાફી, સાઉન્ડ રેકોર્ડિંગ, એડીટીંગ, ડ્રામેટિક્સ, આર્ટસ, એનીમેશન, સ્ક્રીનપ્લે, લેખન, ફોટોગ્રાફી, વિગેરે ઉપરાંત મીડીયાને લગતા વિષયોનો સમાવેશ થાય છે. ભારતમાં 'માસ કોમ્યુનીકેશન'ની જે કોલેજો છે એમાં ટોચની ૧૦માં અમદાવાદની 'મુદ્રા ઈન્સ્ટીટ્યુટ ઓફ કોમ્યુનિકેશન' (માઈકા) પહેલા નંબરે ગણાય છે. મુદ્રા ઈન્સ્ટીટ્યુટમાં મોટાભાગે અનુસ્નાતક કોર્સ અથવા તો સર્ટિફિકેટ કોર્સ જ કરવવામાં આવે



છે. એ સિવાય અન્ય કોલેજ એશિયન કોલેજ ઓફ જર્નાલિઝમ, જામીયા મીલીઆ ઈસ્લામીઆ, સિમ્બાયોસિસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મીડિયા એંડ કમ્યુનિકેશન, સેંટ જેવિયર્સ, વિગેરે કોલેજનો સમાવેશ થાય છે. બી.એ. માસ કમ્યુનિકેશન ગ્રેજ્યુએટ્સને ટીવી કોરસપોન્ડન્ટ, પત્રકાર, લેખક, ફેશન ફોટોગ્રાફર, ફોટોજર્નાલિસ્ટ, પ્રોડકશન વર્કર, ફિલ્મ ડિરેક્ટર, પબ્લિક રિલેશન્સ ઑફિસર, રેડિયો જૉકી (આરજે), વિડીયો જોકી (વીજે), સ્કિનલેખક, રિપોર્ટર, સાઉન્ડ સ્પેશિયાલિસ્ટ જેવી ક્ષમતાઓમાં રાખવામાં આવે છે. મીડિયા, માસ કોમ્યુનિકેશન જેવાં ક્ષેત્રોમાં શુદ્ધ ઉચ્ચારણ અને ભાષા ઉપર પ્રભુત્વ જરૂરી છે અને આ કોર્સ એ કૌશલ્ય આપે છે. એ સિવાય આપની અંદર સર્જનાત્મકતા હોવી જરૂરી છે જે તમને ચોક્કસ મદદરૂપ થશે.અને એક જરૂરી વાત એ પણ છે કે આ ક્ષેત્રમાં ધીરજ રાખવું ખૂબ જરૂરી છે કારણકે બની શકે આ ક્ષેત્રમાં સફળતા મળતા વાર લાગે પણ જો આપ ધીરજ જાળવી આપના ધ્યેયને વળગી રહેશો તો ચોક્કસ સફળતા ને પ્રાપ્ત કરી શક્શો. દરેક રાજ્યની સરકાર અને કેન્દ્ર સરકારમાં પણ કમ્યુનિકેશન પ્રોફેશનલ્સની ડિમાન્ડ હોય છે. આમ આ કોર્સ ખૂબજ સરસ છે, કોમ્પિટિશન ઓછી છે અને જો આપ રસ ધરાવતા હોવ તો આ ક્ષેત્ર આપના માટે ખુબ લાભદાયી બની શકે છે. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૨. હું ધોરણ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરું છું. મને એગ્રીકલ્ચર ક્ષેત્રે આગળ વધવાની ઈચ્છા છે. વિકલ્પો વિષે માહિતી આપશો.**

**- ગિરીશ બારિયા, બનાસકાંઠા**

કૃષિ ઉત્પાદનો અને હોર્ટિકલ્ચરના વ્યવસાયમાં ખૂબ તકો રહેલી છે. ખાસ કરીને સાયન્સના વિદ્યાર્થીઓ માટે આ ક્ષેત્ર આશાનું એક નવું કિરણ લઈને આવ્યું છે. જે વિદ્યાર્થીઓ ગ્રામ્ય વિસ્તારમાંથી આવે છે જેઓ ધોરણ-૧૨માં સાયન્સ સાથે અભ્યાસ કરેલ છે. તેઓ કૃષિ અંગેનો જુદો જ અનુભવ ધરાવતા હોય તો હોર્ટિકલ્ચર, ફ્લોરી કલ્ચર, ટિશ્યૂકલ્ચર વગેરે શાળાઓમાં નિષ્ણાંતોની હંમેશા જરૂર રહે છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો પણ શાકભાજી અને ફળોના ઉત્પાદન અને વિકાસ માટે વિશિષ્ટ એગ્રી એક્સપોર્ટ ઝોન ઉભા કરી રહી છે. પોલી હાઉસ નેટ અને સ્પેશ્યલ લોટન ઓફ સિઝનમાં વિવિધ પ્રકારના ફળો અને શાકભાજી બારેમાસ ઉગાડવામાં આવે છે. આ ઉત્પાદન વૈશ્વિક બજારમાં માંગ મુજબ દર મહિને રચવામાં આવે છે. કેટલાક પર્વતીય વિસ્તારોમાં આ પ્રકારની પ્રવૃત્તિ ચાલી રહી છ. તાજેતરમાં ઓર્ગેનિક હોર્ટિકલ્ચર નામની નવીન પ્રશાખા પણ ઉદભવી છે જેના દ્વારા ઉત્પાદિત ઓર્ગેનિક પ્રકારના ફળ અને શાકભાજીની દેશી અને આંતરરાષ્ટ્રીય માર્કેટમાં સારી ડિમાન્ડ છે. લેન્ડસ્કેપની ડિઝાઈનમાં (મોટી કે નાની જમીનને સુશોભિત કરવી) પણ ખાસા વિકલ્પો રહેલા છે.મોટા



ટાઉનશીપ, હોટેલ્સ, કોર્પોરેટ ઓફિસો, વૈભવી બંગલોમાં લેન્ડસ્કેપિંગ વિશેષજ્ઞોની જરૂર પડતી હોય છે. ધોરણ ૧૨ સાયન્સ સાથે પાસ થયેલા વિદ્યાર્થીઓ બી.એસ.સી. હોર્ટિકલ્ચરનો અભ્યાસ કરી શકે છે. મોટાભાગની યુનિવર્સિટીઓની પોતાની અલગ પ્રવેશપરીક્ષા હોય છે. બીએસસી હોર્ટિકલ્ચર અને બીએસસી એગ્રીકલ્ચરના વિદ્યાર્થીઓ એમ.એસ.સી પ્રોગ્રામમાં જોડાઈ શકે છે. ઈન્ડિયન કાઉન્સિલ ફોર એગ્રીકલ્ચર રિસર્ચ (ICMR)માં પ્રવેશ પરીક્ષા મારફત પ્રવેશ આપવામાં આવે છે. આ અંગે ઓલ ઈન્ડિયા સ્તરની પરીક્ષા લેવામાં આવે છે ત્યારબાદ પી.એચ.ડી સુધીનો અભ્યાસ પણ થઈ શકે છે. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૩. હું બી.એસ.સી.ના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરું છું. મને સમાજસેવામાં વધુ રસ છે. તો એ માટેના કોર્સ એમ.એસ. ડબલ્યુ વિષે જાણકારી જોઇએ છે.એ કર્યા બાદ કયા ક્ષેત્રમાં નોકરીની તકો રહેલી છે અને શું એમ.એસ.ડબલ્યુ કર્યા બાદ હ્યુમન રિસોર્સ મેનેજમેંટ કરવું જરૂરી છે?**

**- સચિન પટેલ,અરવલ્લી**

સમાજ સેવામાં મદદ કરવા માટે કોઈ વૈજ્ઞાનિક પદ્ધતિ, કોઈ આચાર સંહિતા કે નિયમ નથી હોતા. અહિયાં હું આપને બે બાબતો વિષે પહેલા સમજાવીશ— સમાજસેવા અને સમજકારયા. સમાજસેવામાં મોટાભાગે સમાજને આત્મનિર્ભર બનાવવાનો ખ્યાલ ધ્યાને લેવાતો નથી જ્યારે સમાજકાર્યમાં સમાજને વૈજ્ઞાનિક પદ્ધતિથી મદદ કરવા માટે લાભાર્થીને એવી મદદ કરવામાં આવે છે કે જેથી લાભાર્થી ધીરે ધીરે સ્વનિર્ભર બની શકે. સમાજસેવા ફક્ત સેવાના ઉદ્દેશથી જ કરવામાં આવે છે જ્યારે સમાજકાર્યમાં સેવાની સાથે આર્થિક ઉત્પાદનનો ખ્યાલ પણ સમાયેલો છે. હવે આ અભ્યાસક્રમ એટ્લે કે એમ.એસ.ડબલ્યુ.ની વાત કરીએ તો સામાજિક ક્ષેત્રે સમાજકાર્ય અંગેની કારકિર્દી ઘડવા માટે સ્નાતક કક્ષાએ બેચલર ઓફ સોશિયલ વર્ક/ બેચલર ઓફ સોશ્યલ સાયન્સ અને અનુસ્નાતક કક્ષાએ માસ્ટર ઓફ સોશિયલ વર્ક નામના અભ્યાસક્રમ ઉપલબ્ધ થશે. એમ.એસ.ડબલ્યુ કર્યા પછી આગળ એમ.ફિલ અને પી.એચ.ડી સુધી અભ્યાસ કરવાની તકો રહેલી છે. હવે આ અભ્યાસક્રમ દ્વારા નોકરીની તકોની વાત કરીએ તો સરકારમાં સમાજ કલ્યાણ અધિકારી, સમાજ સુરક્ષા અધિકારી, આઈ.સી.ડી.એસ. (ઇંટેગ્રેટેડ ચાઈલ્ડ ડેવલોપમેન્ટ સર્વિસ)માં પ્રોગ્રામ ઓફીસર, સરકારી હૉસ્પિટલોમાં પી.એસ.એમ.(પ્રિવેંટેટિવ સોસિયલ મેડિસિન) વિભાગોમાં, યુ.એન.ડી.પી સંચાલિત કાર્યક્રમો તેમજ કોર્પોરેશન અને નગરપાલીકાઓમાં વિવિધ હોદ્દા ઉપર નોકરી મળવાની શક્યતા રહેલી છે. આના ઉપરાંત બિન-સરકારી સંસ્થામાં સંચાલન, વહીવટ તેમજ કાર્યક્રમ અમલીકરણ જેવા વિવિધ સ્તરે પણ નોકરીની તકો રહેલી છે. કેટલીક મોટી કંપનીઓમાં પણ પોતાની સામાજિક જવાબદારી અદા કરવા કોઈ ચોક્કસ ક્ષેત્રમાં સામાજિક કાર્ય કરવા માટે એમ.એસ.ડબલ્યુ. થયેલા વિદ્યાર્થીઓને નોકરી આપવામાં આવે છે. રાજ્યની મોટાભાગની યુનિવર્સિટીમાં એમ.એસ.ડબલ્યુ ચાલે છે. અને આપના બીજા પ્રશ્ન ઉપર આવીએ તો



એમ.એસ.ડબલ્યુ કર્યા પછી હ્યુમન રિસોર્સ મેનેજમેંટ કરવું ફરજિયાત નથી પણ જો આપ ભવિષ્યમાં પોતાની કોઈ સામાજિક સેવાની સંસ્થા ખોલવા માંગતા હશો તો ચોક્કસ એનું મેનેજમેંટ એટ્લે કે સંચાલન કરવા માટે એ ચોક્કસ આપને ઉપયોગી થઈ શકે એમ છે. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે.

આપના પ્રશ્નો અને સૂઝવો અમને અહી મોકલી આપો:
ઈમેલ:questions.careercorner@ mail.com
વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercorner

# પ્રેરણા વિદ્યાલય ખાતે આજે રક્તદાન શિબિર યોજાશે




ગાંધીનગર, તા. ૧૧

કોરોનાના કારણે લોહીની બોટલોની અછત જોવા મળી છે. ત્યારે હેલ્પ ગ્લોબલ ફાઉન્ડેશન, ગુજરાત-ભારત દ્વારા બ્લડ સેવા સમિતિ ગાંધીનગર અને પ્રેરણા વિદ્યાલય, સેકટર-૫એ, ગાંધીનગરના સહયોગથી ૧૨મી જુલાઈ, ૨૦૨૦ના રોજ સવારે ૯ થી બપોરે ૨ કલાક દરમિયાન પ્રેરણા વિદ્યાલય, સેકટર-૫એ ગાંધીનગર ખાતે સ્વૈચ્છિક બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કેમ્પના આયોજન માટે સંસ્થા દ્વારા ઓનલાઈન લીન્કથી રજીસ્ટ્રેશન પ્રક્રિયા હાથ ધરી હતી. જેમાં ૫૦ જેટલા રક્તદાતાઓએ નોંધણી કારવી છે. બ્લડ ડોનેશનમાં ભાગ લેવા ઈચ્છુક રક્તદાતા હેલ્પ ગ્લોબલ ફાઉન્ડેશનન સંસ્થાના શિવાજી ઠાકોર (મો. ૯૯૭૮૫ ૧૧૩૮૪) ભરત ઠાકોર (મો. ૯૯૭૦૫ ૫૫૬૬૦) અને સુનિલસિંહ ચૌહાણ (મો. ૭૬૯૮૯ ૮૪૦૯૮)નો સંપર્ક કરી ઉપરોક્ત બ્લડ ડોનેશન સ્થળે રક્તદાન કરી શકે છે. રક્તદાન કેમ્પની સફળતા માટે જાણીતા ગાયક કલાકારો સુરેશભાઈ તપોધન, મુકેશસિંહ ઠાકોર એ સોશિયલ મીડિયા પર અપીલ કરી આ ભગીરથ કાર્યમાં જોડાવા અનુરોધ કર્યો છે. તેમજ કાર્યક્રમની સફળતા માટે પ્રેરણા વિદ્યાલયના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલાએ શુભેચ્છાઓ પાઠવી છે.

# જન્મદિને વધામણી



પી સી ઠાકર
મો. ૯૭૨૭૦ ૫૯૯૭૪



દીપક નગીનદાસ શાહ
મો. ૯૮૯૮૧ ૬૧૬૩૯



આકાશ નારણભાઈ પટેલ
વેસ્ટર્ન એગ્રી સીડ્સ પરિવાર



ડો. વિવેક વાછાણી



કિરણભાઈ પટેલ
રોટરી ક્લબ



સન્ની સુખડિયા



દિશા ગૌરાંગ પટેલ



કીથ ભાવેશ કાપડિયા



સંગીતા પ્રજાપતિ



યુગ જે પટેલ
મો. ૯૯૭૮૧ ૧૧૬૦૦